અપીલ અરજી નં.૨૨૮ તા.૨૬–૧૦–૦૯ /૧૦

અરજદારઃ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૬–૯–૦૯ નીઅરજીથી યુનીટી એસ્ટેટમાં છેલ્લી ગલીના નાકે છેલ્લે મેઈન રોડ પર બે બીલ્ડંગ તથા એક શોપીંગ બાંધકામ, દક્ષેશ્વર પેટ્રોલ પંપની બાજુની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે., ભેસ્તાન સીએનજીની બાજુવાળી ગલીમાં પાછળ પરફેકટ સી.આર.આઈ પંપવાળી લાઈનમાં છેલ્લે બાંધકામ ચાલુ છે. તમામ બાંધકામોની પરવાનગી માળ ક્ષેત્રફળ વિ. માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૬–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૮/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૬–૯–૦૯ નીઅરજીથી યુનીટી એસ્ટેટમાં છેલ્લી ગલીના નાકે છેલ્લ ે મેઈન રોડ પર બે બીલ્ડંગ તથા એક શોપીંગ બાંધકામ, દક્ષેશ્વર પેટ્રોલ પંપની બાજુની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે., ભેસ્તાન સીએનજીની બાજુવાળી ગલીમાં પાછળ પરફેકટ સી.આર.આઈ પંપવાળી લાઈનમાં છેલ્લે બાંધકામ ચાલુ છે. તમામ બાંધકામોની પરવાનગી માળ ક્ષેત્રફળ વિ. માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૯ તા.૪–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી પુરી પાડેલ નથી.

અરજદારની તા.૧૬–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ યુનીટી એસ્ટેટમાં છેલ્લી ગલીના નાકે છેલ્લે મેઈન રોડ પર બે બીલ્ડીંગ તથા એક શોપીંગ ટોટલ ત્રણેય બાંધકામની પરવાનગી ક્ષેત્રફળ માળ વગેરેની માહિતી મુદ્દા નં. ૩ ભેસ્તાન સીએનજીની બાજુવાળી ગલીમાં પાછળ પરફેકટ સી.આર.આઈ પંપવાળી લાઈનમાં છેલ્લે બાંધકામ ચાલુ છે તેની પરવાનગી માળ ક્ષેત્રફળની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મોજે ભેસ્તાન રે.સ.નં.૫૯,૬૦ અને ૬૧ માં યુનિટ ઈન્ડ.એસ્ટેટ આવેલ છે. પ્રશ્નવાળી મિલ્કતનાં બાંધકામના લે–આઉટ પ્લાનની મંજુરી અત્રેના પત્ર નં. ટી.ડી.ઓ./૨૫૨, તા.૭–૩–૨૦૦૫ થી આપવામાં આવેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૨ દક્ષેશ્વર પેટ્રોલ પંપની બાજુની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે તેની પરવાનગી તથા માળ ક્ષેત્રફળ વગેરે માહિતી માંગવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી દક્ષેશ્વર પટ્રોલની બાજુની બાજુમાં હાલ જે બાંધકામ ચાલુ છે. તેનો સમાવેશ ડ્રા.ટી.પી. સ્કીમ નં.૫૭ (પાંડેસરા), ફા.પ્લોટ નં–૧૬/એ માં થાય છે. જેના બાંધકામનાં લે–આઉટ પ્લાનની મંજુરી અત્રેના પત્ર નં.ટી.ડી.ઓ/૧૪૮, તા.૧૪–૧૦–૨૦૦૪ થી આપવામાં આવેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૬–૧૦–૦૯ થી માંગેલ માહિતી તેમજ કોઈપણ નિર્ણય મળેલ નથી. એમ જણાવી અપીલ અરજી કરેલ છે. જે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૨૮૨ તા.૧૪–૧૦–૦૯ થી પુરી પાડેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૯–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ